॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોશીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર સુદ : ૧૧ | સોમવાર | તા.: ૦૫.૧૨.૨૦૨૨ | SDP No. : 956 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

ચાલો... ચાલો... જાગીએ... ભાગીએ... અને જોડીએ...

રદ્દી સે સમૃદ્ધિ એક નવતર સફળ પ્રયાસ


શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ, વાપી
સભ્ય સંખ્યા - ૪૩૬
સમાજ દ્વારા રદ્દી ભેગી કરી વેચવાનો કુલ હિસાબ

	કિલો	ભાવ	રકમ રૂ.
બિન્સોની લોખંડ નીપટી	૬૦	૨૮=૦૦	૧,૬૮૦=૦૦
બ્યુક પેપર તથા બુકસ	૨૧૬	૨૪=૦૦	૫,૬૨૪=૦૦
પુઠા તેમજ પૂઠીંગ બોક્સ	૬૭૩૪	૧૫=૨૫	૧૦૨,૬૬૪=૦૦
કુલ વજન →	૭૦૭૦		૧૧૦,૬૬૮=૦૦
			+ ૨=૦૦
કુલ રકમ રૂ. →			૧૧૧,૦૦૦=૦૦

શ્રીસમાજ ના સનાતની સતાબ્દી મહોત્સવ રદ્દી થી સમૃધ્ધી સંકલ્પ માં દક્ષિણ ગુજરાત ઝોનની ઘટક સમાજ કડવાં પાટીદાર સમાજ વાપી જી.વલસાડ તરફ થી ૭૦૦૦ કિલો થી વધુ રદ્દી અર્પણ કરવામાં આવેલ. ઉત્તમ અને સરાહનીય કાર્ય કરવા બદલ ટીમ રદ્દી સે સમૃદ્ધિ આપ ને સુભેચ્છા પાઠવે છે..

આપણી આ સમાજની ભાવનાત્મક યોજના ને અન્ય લોકો પણ સમજી રહ્યા છે અને જોડાઈ રહ્યા છે તેનું આ ઉદાહરણ છે

કચ્છન (પૂર્વ) રીજીયન ભુજ ઝોન ગુણાતીતપુર યુવા મંડળ તેમજ સમાજના ભાઈઓ દ્વારા અન્ય સમાજને જોડી સમાજના અધિવેશન માટે સુંદર કાર્ય કરવામાં આવેલ તેની અંદર માતૃ વંદના પ્રાઇમરિ સ્કૂલ ચીરઈ - કચ્છ શિક્ષક એવા મૂળ મહેસાણા જિલ્લો સુરેશભાઈ પટેલ તેઓ દ્વારા સમાજના અધિવેશનની અંદર રદી થી સમૃદ્ધિ ની અંદર સમાજના ભાવને સમજી અને સમાજના આ કાર્ય ની અંદર 551 kg રદી જમા કરાવેલ. તેમજ એપ્રિલ માસની અંદર હજુ પણ વધારે રદી જમા કરાવવાનો વચન આપેલ છે.

આ કાર્ય માટે પેરક એવા રામસેતુ કાઉન્સિલ પ્રેસિડેન્ટ જયેન્દ્ર રૂડાણી યુવાસંઘ કચ્છ પૂર્વ રીજ્યન ચેરમેન સુરેશ ભગત, ગુણાતીતપુર શ્રીલક્ષ્મીનારાયણ સમાજ ઉપપ્રમુખ કરમશીભાઈ રૂડાણી મહામંત્રી પરસોતમભાઈ રૂડાણી યુવા મંડળ મહામંત્રી, અમૃતભાઈ રવાણી તેમાં યુવા કાર્યકર્તા અશોકભાઈ પોકાર અને રાહુલભાઈ પોકાર

સુરેશ ભગત, ગુણાતીતપુર

સાબરકાંઠા ઝોન સમાજ પ્રેરિત ૦૬ મો સમૂહ વિવાહ નું આયોજન

હિંમતનગર માં આજે યોજવામાં આવ્યો છે સાબરકાંઠા ઝોન સમાજ પ્રેરિત સમૂહ વિવાહ

સાબરકાંઠા ઝોન સમાજ પ્રેરિત છે, ઝોન સમાજ ના પ્રમુખશ્રી રસિકભાઈ દેવજીભાઈ છાભૈયા નાં નેતૃત્વ માં આ કાર્યક્રમ સ્થાનિક હિંમતનગર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ તેમજ હિંમતનગર તાલુકા ના આજુબાજુ ના 24 કંપા તથા ઝોન ના અન્ય વિસ્તાર ના ઘટક સમાજો ના સહયોગ થી આયોજીત થઈ રહેલ છે

હિંમતનગર નાં જ છઠ્ઠા સમૂહ લગ્નમાં સુંદરપુરા નિવાસી 1008 મહંત શ્રી કેશવદાસજી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત થયા..

*સાબરકાંઠા જિલ્લા પ્રમુખશ્રી ધીરજભાઈ વેલાણી પણ હાજર..

હિંમતનગર વિધાનસભા ના ઉમેદવાર વી.ડી.ઝાલા પણ ૦૫ મિનિટ માટે આવેલ હતા... પરંતુ આચારસંહિતા ના લીધે કોઈ ભાષણ આપેલ નથી

ગત રોજ તારીખ 4 /12 /2022 ને રવિવારના રોજ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ *સાબરકાંઠા ઝોન દ્વારા હિંમતનગર મુકામે છઠ્ઠો સમૂહ લગ્ન છ થી સાત હજાર માનવ મહેરામણ વચ્ચે ખૂબ જ રંગે ચંગે ઉજવાઈ ગયો જેમાં કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી અબજીભાઈ કાનાણી ના અતિથિ વિશેષ પદે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ના ચેર પર્સન આર. પી. પટેલ સાહેબ તથા પૂર્વ ગૃહ મંત્રી પ્રફુલભાઈ પટેલ ની વિશેષ ઉપસ્થિતિમાં ખૂબ જ ધામધૂમથી ઉજવાઈ ગયો. જેમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ વડાલી વિભાગ ના જામરેલા કંપા માંથી બે પરિવાર તથા ખેડબ્રહ્મા માંથી એક પરિવાર આમ કુલ ત્રણ પરિવારના 12 સભ્યો સતપંથ વિચારધારાનો ત્યાગ કરી સનાતન સમાજમાં સામેલ થયા.

૧૯ યુગલ નો જીવન માં પ્રભુતા માં પગલાં પડવાનો અવસર

ઘર વાપસી નાં કાર્યક્રમની ઝલક

સાબરકાંઠા ઝોનના સમૂહ લગ્નોત્સવમાં સનાતન મેડીકોઝ ની ટીમ સાથે સેવામાં હાજર...

સમૂહ વિવાહ નાં પ્રસંગે વિવિધ સવિશેષ વ્યક્તિઓ ની ઉપસ્થિતિ,

કેન્દ્રીય સમાજ નાં અગ્રણીઓ અને સનાતની શતાબ્દી મહોત્સવ નાં આયોજન નાં અગ્રણીઓ ની ખાસ ઉપસ્થિતિની અત્રે સહુએ નોંધ લીધી અને તે અંતરગત આગોતરા આમંત્રણ આપવામાં આવ્યા અને રદ્દી સે સમૃદ્ધિ નવતર અભિગમ ને સાર્થક કરવા નો અભિગમ પણ પ્રસ્તુત કરવામાં આવેલ.

યુવાસંઘ સ્વર્ણિમ મહોત્સવ અંતર્ગત સિકરન્દ્રાબાદ માં યોજાનાર ક્રિકેટ ટુર્નામેન્ટ નો સાબર રીજીયન ટિમ નો પ્રેક્ટિસ કેમ્પ તા.04/12/2022 ના રોજ હિંમતનગર ખાતે આવેલ ધી સાબરકાંઠા જિલ્લા ક્રિકેટ એસોસિએશન ના મેદાન ખાતે યોજવામાં આવ્યો.

આ પ્રેક્ટિસ કેમ્પનું આયોજન રીજીયન ખજાનચી અલ્પેશ રામાણી, હિંમતનગર ડીવીઝન સહમંત્રી કિરીટભાઇ પોકાર તેમજ સાબર રિજીયન કોરટિમ દ્વારા કરવામાં આવ્યું હતું

મિશન અભિમન્યુ... અપૂર્ણ નહિ પરિપૂર્ણ બાળ સંસ્કાર કેન્દ્ર

કરીમનગર (તેલંગાણા) માં મિશન અભિમન્યુ ના સાપ્તાહિક બાળ સંસ્કાર કેન્દ્ર નું આયોજન

શ્રી કચ્છ કડવા પાટીદાર મહિલા મંડળ, કરીમનગર (તેલંગણા) દ્વારા આજ રવિવાર તા. 04-12-2022 ના રોજ મિશન અભિમન્યુ ના સાપ્તાહિક બાળ સંસ્કાર કેન્દ્ર માં ભાગવત ગીતા ની આરતી - શ્લોક - સાચી જીતની વાર્તાઓ - બાલ ગીતો તેમજ ગીતા જયંતિ નું મહત્વ સમજાવેલ સર્વે બાળકો ને કંઠસ્થ કરવામાં આવેલ.

મેંટોર બહેનો :
શ્રીમતિ માયાબેન ચંદ્રકાંત રામાણી
શ્રીમતિ પ્રીતિબેન અનીલ ચૌધરી
શ્રીમતિ કલ્પનાબેન નટવર દિવાણી
શ્રીમતિ રશીલાબેન જગદીશ વાસાણી
શ્રીમતિ ચંદ્રીકાબેન વિનોદ હળપાણી

સંકલન : કોમલબેન રવાણી (કરીમનગર)
સંયોજક : જસવંત સુરાણી - સિકંદરાબાદ

તારીખ ૪-૧૨-૨૦૨૨ રવિરાર નાં રોજ હાવેરી માં મિશન અભિમન્યુ નું સત્ર લેવા માં આવ્યું. સત્ર ની શુરૂઆત ઝૅંકાર ના નાદ સાથે કરવામાં આવી. લક્ષ્મીનારાયણ અને ઉમિયા માં ની આરતી સાથે યોગ આસન અને રમત ગમત કરવામાં આવી, રાષ્ટ્રગાન ગાઈ નેં દેશભક્તિ વેક્ત કરી. જય મિશન અભિમન્યુ.
હાવેરી- ઉત્તર કર્ણાટક રીજીયન

ગોઆ ના ફોન્ડા સમાજ માં મિશન અભિમન્યુ બાળ સંસ્કાર કેન્દ્ર નું સત્ર લેવામાં આવ્યું. જેમાં ફોન્ડા સમાજ ના મહિલા મંડળ ના પ્રમુખ તેમજ મંત્રી ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ની શરુઆત કરવામાં આવી. બાળકો ને ઝૅં નાદ, બાળગીત, વિષ્ણુ ભગવાન ના દસ અવતાર ની જાણકારી આપી તેમજ શ્લોક પણ શીખવાડવામાં આવ્યા. તત્પશ્ચાત શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન ની આરતી કરી રમત ગમત રમાડી છેલ્લે રાષ્ટ્રગીત ગાઈ કાર્યક્રમ ની પુર્ણાહુતી કરવામાં આવી.
મિશન ગુરુ
ભાવનાબેન, કવિતાબેન, ભાવિકાબેન, ભક્તિબેન, જયશ્રીબેન.

અમરાવતી સમાજ દ્વારા મિશન અભિમન્યુ પિકનિક નું આયોજન.

ગત રોજ તારીખ 4-12-2022 રવિવારના રોજ અમરાવતી, વિદર્ભ રીજીયન ના બાલકેન્દ્રના અભિમન્યુઓની એક દિવસીય પિકનિક નું આયોજન પૂજય સંતશ્રી જલારામ બાપા સંસ્થાનના ભક્તિધામ ગાર્ડન માં કરવામાં આવ્યું હતું. નાના નાના અભિમન્યુ નો એક અધ્યાત્મિક પ્રવાસ સાથે ડબ્બા પાર્ટી રાખવામાં આવી હતી.

જેની શુભ શરૂઆત ઝૅંકાર સાથે કરવામાં આવી હતી , તેમજ બાળકો દ્વારા શ્લોક, ધાર્મિક વાર્તા અને પ્રશ્નોતરી કરવામાં આવી હતી, જેમાં બાળકોએ ખુબજ ઉત્સાહથી ભાગ લીધો હતો. સૌએ ખુબ ઉત્સાહ સાથે વન ભોજન કર્યું હતું, ત્યાર બાદ સૌ બાળકોએ ગ્રુપ ગેમનો લ્હાવો લીધો હતો. બધાએ જ્ઞાન સાથે ગમ્મત સાથે આ ડબ્બા પાર્ટીની મજા લીધી હતી.

નાના અભિમન્યુ સાથે તેમની માતાઓ એ પણ આ પિકનિકનો ધણા ઉત્સાહથી લ્હાવો લીધો હતો.
જય મિશન અભિમન્યુ
મેન્ટર - મોનિકા રામાણી.ચેતના છાભૈયા.



કચ્છ અને ગુજરાત નાં સમાચાર

કચ્છમાં સંભવત જાન્યુઆરીમાં ગ્રામપંચાયતની ચૂંટણીઓ યોજાશે જિલ્લામાં 73 જેટલી ગ્રામપંચાયતઓ યોજાવાની છે સામાન્ય ચૂંટણી. ડિસેમ્બરના અંત સુધીમાં જાહેરનામું પડે તેવી શકયતા. કચ્છની 73 જેટલી ગ્રામ પંચાયતની મુદત એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન પૂર્ણ થઈ ગઈ છે.

વિધાનસભા ચૂંટણી 2022 મતગણતરી માટે 700 થી 800 કર્મચારીઓની નિમણૂક કરાઈ. વિધાનસભાની ૦૬ બેઠકોની મતગણતરી અલગ અલગ રૂમોમાં કરાશે. વિધાનસભાની મતગણતરી એક સાથે ૧૪ ટેબલ પર હાથ ધરાશે.

વિધાનસભા ચૂંટણી મતગણતરી 2022 ભુજની એન્જિનિયરિંગ કોલેજ ખાતે યોજાશે મતગણતરી. ૪ ડિસેમ્બર ગુરુવારના યોજાશે મતગણતરી. જિલ્લાની ૦૬ વિધાનસભા બેઠકો માટે મતગણતરી હાથ ધરાશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું આજે મતદાન

આજે ૦૫ ડિસેમ્બર બીજા તબક્કાનું મતદાન આજે ઉમેદવારોએ કર્યો ડોર ટુ ડોર પ્રચાર, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં યોજાશે મતદાન, ૧૪ જિલ્લાની ૯૩ બેઠક પર યોજાશે મતદાન, મતદાન માટે આજે EVMની ફાળવણી કરાઈ

ઠંડીનો ચમકારો..... રાજ્યના ૦૫ શહેરોમાં લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રીથી નીચું, નલિયામાં ૧૦.૬, ગાંધીનગરમાં ૧૨.૯, કંડલામાં ૧૩.૮ ડીસામાં ૧૪, અમદાવાદમાં ૧૪.૮ ડિગ્રી તાપમાન નોંધાયું

ધર્માંતરણના મામલે SCમાં એફિડેવિટ ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી. ગુજરાત સરકારે ધર્મ પરિવર્તન પર કાયદો બનાવવાનું સમર્થન કર્યું. ધર્મ સ્વતંત્રતામાં ધર્મ પરિવર્તનનો સમાવેશ ન થાય

ચૂંટણી પૂર્વે સરહદો પર સઘન ચેકિંગ રાજસ્થાન અને MP ને સીમા પર સતર્કતા વધારાઈ

અમદાવાદમાં બાળકોમાં ઓરીના કેસો વધતા AMCનું આરોગ્ય વિભાગ સતર્ક..... બાળક સંપૂર્ણ સ્વસ્થ ન થાય ત્યાં સુધી સ્કૂલે ન મોકલવા તાકીદ, આરોગ્ય વિભાગે શિક્ષણ વિભાગને લખ્યો પત્ર

કોટડા આથમણા પૂર્વ કચ્છની યુવા ટીમ

ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિર 25 વર્ષ પૂર્ણ થતા મંદિરનો રજત જયંતિ પ્રસંગે યુવા સંઘ કચ્છ પૂર્વ રીજ્યન ટીમની હાજરી કોટડા (ચકાર) ગામે રહી.

આ પ્રસંગે ટીમ યુવાસંઘને જણાવતા આનંદ થાય કે કોટડા આથમણા સમાજની મુલાકાત લેતા વડીલો દ્વારા કોટડા આથમણાનો ઇતિહાસ જાણતા આશ્ચર્ય થઈ જવાય તેવો જાણવા જેવો તેમનો ઇતિહાસ છે.

તેમના દ્વારા મળેલ માહિતી મુજબ કોટડા ના તોરણને (સ્થાપના) અંદાજે 250 વર્ષથી પણ વધારે સમય થયો છે અને જ્યારે વિ-ધર્મ ની અંદર આપણો સમાજ અટવાયો હતો.

સંત શ્રી ઓધવ રામજી મહારાજ દયાલદાસજી મહારાજ તેમજ સમાજના રતનશીબાપા ખેતાણી અને તેમની ટીમ ત્યારે આ ગામની અંદર ધર્મ સભાઓ કરી અંદાજે 80 વર્ષ પહેલાં 428 જણ ને સતપંથ છોડાવી સનાતનના માર્ગે વાળ્યા હતા અને તે સમયે ગામની અંદર ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ની પાનમૂર્તિ સ્થાપિત કરવામાં આવેલ.

કેટલા વિરોધ વચ્ચે આ કામ થયું હસે કલ્પના તો કરો કે ત્યાર ની સતપંથ સમાજ વિરુદ્ધ નું આ કાર્ય કરવામાં આવ્યું હસે ને..

આવો પૂર્ણ હજી છે કે નહિ પણ ભગવાન નુ આ મંદિર નિર્માણ અને તેઓ ત્યારે પાન મૂર્તિ થી શરૂઆત કરનાર આજે ભવ્ય સનાતની અદભુત સમાજ નો ઇતિહાસ સાંભળી ખૂબ જ આનંદ થયો. ધન્ય છે એ વડીલોને અને સંતોને જેમણે સમયે સમયે વિધર્મી થી મુક્ત એક સમાજ નું નિર્માણ કરવા માં સતત જાગૃતિ અને ઉજાગર રહ્યા..

KPR રીજીયન માંથી હાજર રહેલ મિત્રો કચ્છ પૂર્વ રીજીયન ચેરમેન, સુરેશ ભગત, સેક્રેટરી વિનોદ લીંબાણી, સેન્ટ્રલ યુવાસંઘ કેબિનેટ મેમ્બર હરેશ વાસાણી, સામજિક અને આધ્યાત્મિક મિશન PDO વાસુદેવ ભગત તેમજ કારોબારી સભ્યો એ હાજરી આપેલ.

ઇતિહાસ ની ઝાંખી સાંભળી અને સમજી તો સાચેજ અહેસાસ થયો કે આ સનાતની શતાબ્દી મહોત્સવ નિમિતે હવે તો સ્પષ્ટ અને સચોટ સમાજ ના લોકો એક મત થાય અને વિધર્મી નો પડછાયાઓ પણ હવે ની પેઢી પર નાં પડે તેવું આયોજન અને અમલીકરણ કરવું અનિવાર્ય બાબત છે..

સુરેશ ભગત,
ચેરમેન કચ્છ રીજીયન (પૂર્વ)
(ગુણાતીતપુર)

ધાવડા મોટા મંદિરો નો પ્રવાસ

શ્રી ધાવડા મોટા પાટીદાર યુવક મંડળ દ્વારા આજ રોજ એક દિવસીય દાદા પૌત્ર નામનો પ્રવાસ નું આયોજન કરવામાં આવ્યું.મિત્રો યુવક મંડળ નો એક નવો વિચાર ને લઇ એક સાથે ત્રણ પેઢી ને સાથે લઇ એક દિવસ નો પ્રવાસ નું આયોજન કરેલ જેમાં ગામ થી ૫૦ કિલોમીટર ની અંદર આવતા ધાર્મિક સ્થળ ના દર્શન કરી છોકરાઓ રમત ગમત રમી આજ નો દિવસ મનાવ્યો હતો અને બપોરે સમૂહ ભોજન અને સાંજે અલ્પાહાર ની વ્યવસ્થા મંડળ દ્વારા કરવામાં આવી હતી...

પ્રવાસ સ્થળ
ઉમિયા માતાજી સંસ્થાન - વાઢાય
લક્ષ્મનારાયણ કેન્દ્રસ્થાન-દેસલ
પરગંગાજી મંદિર - રામપર (વેકરા)
બિલેશ્વર મહાદેવ - રાજપર

અવસાન નોધ

સ્વ. નરસ્વ: કરસનભાઈ રામજીભાઈ નાથાણી રામાણી
ઉમર : 90 વર્ષ
કચ્છ માં ગામ નખત્રાણા, નવાવાસ
હાલે કાપુ, ઉડપી (કર્ણાટક)

H.K. DOORS
HK DOORS
First IMPRESSION of your HOUSE
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE
HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883
BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705
KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.
PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884
H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205